જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૧/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૪૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૨૧૭ લીટર દેશી દારૂ અને ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠલ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૦,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૪૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની કોશીશની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૧૪૮/૧૬

**ઓઢવ** : ગોપાલભાઇ ચેલાજી ચાવલા (ઉ.વ.૬૦)(રહે.આનંદનાથ કૃપા સોસાયટી, મંગલમ સોસાયટી પાસે પંચદેવ મંદિર રોડ, અર્બુદાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૨૦૧૬ સાંજના ૬/૪૫ વાગ્યાનાં સુમારે આરોપી (૧) છોટા કચોરી ઉર્ફે અનિલભાઇ રામજીવન ખટીક (રહે.રામરાજયનગર વિભાગ.૧ રામોલ) અને (૨) નિખીલભાઇ (રહે.સત્યમનગર અમરાઇવાડી) એ ભેગામળી ગોપાલભાઇનાં પૌત્ર સચિન ને “દોલુભાઇ સાથે ઝઘડો કરી તેને માર મારવા જણાવેલ” જે પૌત્ર સચિને કરવાની ના પાડતાં, બંને આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ, ખીસ્સામાંથી ચપ્પુ કાઢી એક ઘા ડાબા પડખામાં અને બીજો ઘા કમરના ઉપરના ભાગે મારી, સચિનને ગંભીર ઇજા કરી હતી. સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૧૪૯/૧૬

**સોલા હાઇકોર્ટ (૧)** ગીતાબેન વા/ઓ ગજાનંદભાઈ મિસ્ત્રી (ઉ.વ.૪૫)(રહે,ઔડાના મકાન રામબાગ ચાંદલોડિયા) એ તા.૨૦/૧૧/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ત્રણ માસ પહેલાંથી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન ગોતા ચોકડી એસ .જી રોડ ખાતેથી આરોપી હાર્દિક ધીરજભાઈ નાયક (રહે.ઠાકોર વાસ ઓગણજ ગામ તા.દશક્રોઇ જી.અમદાવાદ) ગીતાબેનની પુત્રી સેફાલી (ઉ.વ.૧૬) ને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

ઉપરોકત ગુનાના કામે આરોપીને તા.૨૦/૧૧/૧૬ રાતનાં ૮/૪૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**(૨)** પ્રાણેશકુમાર રામપ્રકાશ પાઠક (ઉ.વ.૩૭)(રહે.ગાયત્રીનગર વિભાગ-૩, દુર્ગા સ્કુલ ગરનાળા પાસે, ચાંદલોડીયા) એ તા.૨૦/૧૧/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૧૬ ના કલાક ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે ઘર નજીક રહેતો આરોપી બલરામ ઉર્ફે શેરૂ સુગેનભાઇ શર્મા (રહે.બીજા માળે ગાયત્રીનગર વિભાગ-૩, દુર્ગા સ્કુલ ગરનાળા પાસે, ચાંદલોડીયા) પ્રાણેશકુમારની પુત્રી જ્યોતી (ઉ.વ.૧૪) ને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૦/૧૬**

**કૃષ્ણનગર** : નરેન્દ્રસીંહ અમરસીહ રાવ (રહે,ધર્મનાથ પ્રભુ સોસાયટી, આદીશ્વરનગર નરોડા કૃષ્ણનગર) એ તા.૨૦/૧૧/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૧૬ રાતનાં ૮/૦૦ થી તા.૧૯/૧૧/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીકથી નરેન્દ્રસીંહનાં પુત્ર મનમીતસીંહ (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.સગાડા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૧/૧૬**

**ગુજરાત યુનિવર્સીટી** : ભારતીબેન વા/ઓ દિનેશભાઈ પંડ્યા (ઉ.વ.૬૨)(રહે, રાવપુરા સોસાયટી, મેમનગર ફાયર સ્ટેશનની પાછળ નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ૧૯/૧૧/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૨૦/૧૧/૧૬ ના કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમમાં મુકેલ તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૫૨/૧૬**

**સોલા હાઇકોર્ટ** : પરેશભાઇ દિનેશભાઇ લીમાણી (રહે.આસ્થા અન્ત્રમ શુકન સ્ટેટસની પાછળ, વંદે માતરમ ચાર રસ્તા, ગોતા) એ તા.૨૦/૧૧/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એપ્રીલ/૨૦૧૬ થી તા.૧૮/૧૧/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન ગોતા બ્રીજ પાસે, ગોતા ક્રિષ્ના કોમ્પલેક્ષની પાછળ આવેલ રોયલ ટ્રેડલીંક નામના ગોડાઉનમાં કામ કરતો આરોપી રણજીતભાઇ ચંદુભાઇ ઠાકોર (રહે,રબારીવાસ જોગેશ્વરીનગર પાસે, બંગલા એરીયા, કુબેરનગર) એ પરેશભાઇનાં ગોડાઉનમાંથી બિલ્ડીંગ મટીરીયલ્સનો સોમાણી કંપનીના બ્રાસ સીપી ફિટીંગના પીસ કુલ નંગ- ૧૦૭૭ કુલ કિંમત રૂપિયા ૧૨,૯૦,૭૫૩/- મતાનો સરસામાન પરેશભાઇની ગેરહાજરીમાં ચોરી છુપીથી ચોરી કરી લઇ જઇ તે માલ ગોતા ખાતે રહેતા કાનાભાઇ ભંગારવાળાને વેચી માર્યો હતો. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નથ્થુભાઇ ચલાવે છે. ઉપરોકત ગુનાના કામે બંને આરોપીઓને તા.૨૦/૧૧/૧૬ નાંરોજ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નરોડા** : અનિલભાઇ દેવીલાલ શાહ (રહે.બાલમુકુંદ સોસાયટી, શાલીન સ્કુલ પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯.૧૧.૧૬ રાતના ૯/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન નરોડા ચારૂ પાર્ક કો.ઓ.હા. સોસાયટીના ગેટ પાસે આવેલ જૈન ઉપાશ્રમની દિવાલ પાસે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા ઇસમો તથા તેની સાથેનો કોઇ ત્રીજો અજાણ્યો ઇસમે ભેગામળી અનિલભાઇની ગાડી ને પાછળના ભાગે મોટર સાયકલ અથડાવી, ગાડી ઉભી રખાવેલ. અનિલભાઇ ડાબી બાજુનો કાચ ખોલી અજાણ્યા માણસો સાથે વાતચીત કરતાં હતા દરમ્યાન અનિલભાઇનું ધ્યાન ચુકવી ત્રીજા માણસે ગાડીમાં હાથ નાંખી, કાળા કલરની બેગ કે જેમાં રોકડ રૂપિયા ૧,૭૫,૦૦૦/- અને અગત્યનાં દસ્તાવેજો હતા તે બેગની ચોરી કરી પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)